સાપ્તાહિક
# ક્રાઈમ કિંગ
CRIME KING (weekly)
EDITOR : NIKITA R. SAXENA
(MO) 98796 16556
E-mail : crimekingnews.gmail.com

RNI NO : GUJGUJ/2014/56392
PRINTED MATTER
To, ____________

✱ AT : 45, KONARAK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SARBARMATI, AHMEDABAD - 380019.

* YEAR : 10 * Issue No.06 * Date : 26-05-2023 * Friday * Page No. 4 Rs. 01.00 * Annual Rs.50/-


### ભારતની સંસદનું નવું ભવન બનીને તૈયાર, મોદી ઉદ્ઘાટન કરશે

# નવા સંસદ ભવનના મોદીના દ્વારા ઉદ્ઘાટનનો ૧૯ વિપક્ષનો બહિષ્કાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

ભારતની સંસદનું નવું ભવન બનીને તૈયાર થઈ ગયું છે ત્યારે પીએમ મોદી આગામી ૨૮મેના રોજ તેનું ઉદઘાટન કરવાના છે. આ દરમિયાન ઉદઘાટન અંગે રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ, ડાબેરીઓ અને આમ આદમી પાર્ટી સહિત વિપક્ષી દળોનું કહેવું છે કે ઉદઘાટન પીએમ મોદીએ નહીં પણ રાષ્ટ્રપતિએ કરવું જોઈએ. આટલું જ નહીં વિપક્ષે સરકાર સામે આક્ષેપ કર્યો છે કે તે રાષ્ટ્રપતિની ગરીમાને નબળી પાડી રહી છે. તેમને સરકારના વડા હોવા છતાં ઉદઘાટન માટે બોલાવાયા નથી. આ દરમિયાન કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, ઉદ્ધવ ઠાકરેની શિવસેના, એનસીપી, આરજેડી, જદયુ સહિત ૧૯ વિપક્ષી દળોએ આ સમારોહમાં હાજરી નહીં આપી તેનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી દીધી છે. પીએમ મોદીના હસ્તે સંસદના ઉદઘાટન અંગે સૌથી પહેલા કોંગ્રેસના પૂર્વ સાંસદ રાહુલ ગાંધીએ સવાલ ઊઠાવ્યો હતો.

તેમણે કહ્યું હતું કે આ ઉદઘાટન પ્રધાનમંત્રીએ નહીં પણ રાષ્ટ્રપતિએ કરવું જોઈએ. તેમના પછી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગે સહિત અનેક વિપક્ષી દળોએ મોરચો ખોલ્યો હતો. હવે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના, કોંગ્રેસ, આપ, એનસીપી, સીપીઆઈ, સીપીએમ, એઆઈએમઆઈએમ, આરજેડી અને જેડીયુએ પણ આ કાર્યક્રમનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી દીધી છે.



બંગાળની સત્તાધારી પાર્ટી ટીએમસી અને તમિલનાડુની ડીએમકે પણ આ કાર્યક્રમમાં હાજરી નહીં આપે.

હાલમાં ભારત રાષ્ટ્ર સમિતિ અને અકાલી દળ વતી કોઈ નિર્ણય આવ્યો નથી. એવું મનાય છે કે બહિષ્કારનો નિર્ણય બીઆરએસ પણ કરી શકે છે. જોકે અકાલી દળ આ કાર્યક્રમમાં સામેલ થઈ શકે છે.

જોકે તેમના વતી પણ કોઈ નિર્ણય આવ્યો નથી. જ્યારે યુપીની મુખ્ય વિપક્ષી પાર્ટી સપા અને આરએલડીએ કાર્યક્રમના બહિષ્કારની જાહેરાત કરી છે. જોકે ચર્ચા એવી છે કે માયાવતીની બસપા અને આંધ્રપ્રદેશની સત્તાધારી વાયએસઆર કોંગ્રેસ આ કાર્યક્રમમાં જોડાઈ શકે છે. બીજેડીએ હજુ આ મામલે કોઈ નિર્ણય કર્યો નથી.

# કોરોનાથી ખતરનાક માહામારીમાં બે કરોડ લોકોનાં થશે મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વડા ડો. ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે કહ્યું કે વિશ્વએ એવા વાયરસ માટે તૈયાર રહેવું જોઈએ જે કોવિડ કરતા પણ ઘાતક હશે. ધ ઈન્ડિપેન્ડન્ટના રિપોર્ટ અનુસાર, WHO ચીફે કહ્યું કે આવનારા વાયરસથી ઓછામાં ઓછા ૨ કરોડ લોકો માર્યા જશે. તાજેતરમાં, ગ્લોબલ હેલ્થ બોડીએ જાહેરાત કરી હતી કે કોવિડ-૧૯ રોગચાળો હવે સ્વાસ્થ્ય કટોકટી નથી. WHOના વડાએ જિનીવામાં તેમની વાર્ષિક હેલ્થ કોન્ફરન્સમાં કહ્યું કે આવનારી મહામારીને રોકવાનો સમય આવી ગયો છે. આ માટે વાતચીતને આગળ વધારવાનો સમય છે. સ્વિટ્ઝર્લેન્ડના જીનીવામાં વર્લ્ડ હેલ્થ કોન્ફરન્સની બેઠકમાં WHOના વડાએ ચેતવણી આપી હતી કે કોવિડ-૧૯ રોગચાળો હજુ સમાપ્ત થયો નથી. ડો. ટેડ્રોસ એડહાનોમ ઘેબ્રેયસસે કહ્યું કે કોવિડ પછી અન્ય પ્રકારની બીમારીનો ખતરો હોઈ શકે છે,

જે મૃત્યુનું કારણ બની શકે છે. તે કોવિડ કરતા ઘાતક હોઈ શકે છે અને તે વધુ ઘાતક સાબિત થશે. તેમણે ચેતવણી આપી હતી કે વિશ્વએ આ માટે તૈયાર રહેવું જોઈએ અને કોઈપણ પ્રકારના જોખમનો સામનો કરવા માટે બંધાયેલા રહેશે. WHO એ નવ પ્રાથમિક રોગોની ઓળખ કરી છે, જે જાહેર આરોગ્ય માટે સૌથી મોટો ખતરો છે. ડેઈલી મેલે અહેવાલ આપ્યો છે કે તેમની સારવારની અછત અથવા રોગચાળો ફેલાવવાની તેમની સંભાવનાને કારણે તેઓ સૌથી જોખમી માનવામાં આવે છે. તેમણે કહ્યું કે વિશ્વ કોવિડ -૧૯ રોગચાળાના આગમન માટે તૈયાર નથી, જે એક સદીમાં સૌથી ગંભીર આરોગ્ય સંકટ તરીકે ઉભરી આવ્યું છે. WHOના વડાએ બેઠકમાં કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં કોવિડ-૧૯એ આપણી દુનિયા બદલી નાખી છે.

આમાં લગભગ ૭૦ લાખ લોકોના મોત થયા હતા, પરંતુ આપણે જાણીએ છીએ કે આંકડો આનાથી વધુ હોઈ શકે છે, જે લગભગ ૨૦ મિલિયન હશે. તેમણે કહ્યું કે જે ફેરફારો કરવા જોઈએ તે આપણે નહીં.

## નવા સંસદ ભવનના ઉદ્ઘાટનમાં મોદી ૬૦ હજાર શ્રમ યોગીનું સન્માન કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

મોદી સરકાર ૯ વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે. આ ખાસ અવસર પર ગૃહમંત્રી અમિત શાહ પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા છે જેમાં તેઓ ૯ વર્ષમાં સરકારની ઉપલબ્ધિઓ જણાવી રહ્યા છે.

આ દરમિયાન તેમણે કહ્યું કે નવું સંસદ ભવન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશીનો પુરાવો છે, તે રેકોર્ડ સમયમાં પૂર્ણ થયું છે. તેમણે કહ્યું કે પીએમ મોદી ૨૮ મેના રોજ નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કરશે. આ દરમિયાન તેઓ ૬૦ હજાર શ્રમ યોગીઓનું સન્માન પણ કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પત્રકાર પરિષદને સંબોધતા મોટી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે આગામી ૨૮મેના રોજ વડાપ્રધાન મોદી નવા સંસદ ભવનનું ઉદઘાટન કરશે. તેમણે કહ્યું કે તેની સાથે સાથે પીએમ મોદી ૬૦૦૦૦ શ્રમયોગીઓનું સન્માન પણ કરશે. આ નવું સંસદ ભવન પીએમ મોદીની દુરદર્શિતાનું જ પરિણામ છે. જ્યારે બીજી બાજુ વિપક્ષો તરફથી આ સંસદ ભવનના ઉદઘાટન સમારોહનો બહિષ્કાર કરવાના અહેવાલ આવી રહ્યા છે.

જેમાં કોંગ્રેસ સહિત ટોચના વિપક્ષી દળો સામેલ છે. ગૃહમંત્રી અમિત શાહે આ દરમિયાન સેંગોલનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સેંગોલનું આપણા ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

## તંત્રી લેખ...

# ભાષાને વળગે શું ભૂર, ભળતું ભાષાંતર કરે ઈ શૂર

ઝવેરચંદ મેઘાણીએ દિલેર બહારવટિયા જોગીદાસ ખુમાણની દિલેરીની વાતો ગુજરાતીઓના ઘર ઘર સુધી પહોંચાડી, પણ આજે તો કાકા જેવા બહારવટિયા નહીં, પણ બહાર-ખટપટિયા જોગિંગદાસ જોગિંગ-ટ્રેક પર દોડતા નજરે પડે. જોગીદાસ ખુમાણ ઘોડા દોડાવતા અને આ બધા જોગિંગદાસ પોતે દોડે છે.

જોગિંગ પાર્કમાં ગયો ત્યાં નવો ખેલ જોયો. પથુકાકા દોડતાં દોડતાં વચ્ચે-વચ્ચે ઠેકડા મારતા હતા. મેં પૂછ્યું, 'કાકા, આ શું કરો છો?' કાકા હાંફતા હાંફતા બોલ્યા, 'જોગિંગની સાથે ફ્રોગિંગ કરું છું, ફ્રોગિંગ. શરીરની ફિટતા (ફિટનેસ) ટકાવી રાખવા ઠેકડા પણ મારવા પડેને? આપણે ફિટ રહેવા ઠેકડા મારીએ અને નેતાઓ સીટ ખાતર અહીંથી ત્યાં ઠેકડા મારે, બરાબરને?'

મેં હસીને કહ્યું, 'તમારી આખી વાતમાં મને તમે ગુજરાતી ચાસણીમાં બોળીને બહાર કાઢેલો 'ફિટતા' શબ્દ બહુ ગમ્યો.' કાકા બોલ્યા, 'જો રખ્ખે ફિટતા વો કભી નહીં મીટતા.'

હું અને કાકા જોગિંગ-પાર્કમાંથી ઘરે ગયા. જઈને મેં કાકીને કહ્યું, 'કાકા ઠેકડા મારતા મારતા ફ્રોગિંગ કરે છે એ ખબર છે?' કાકી છણકો કરીને બોલ્યાં, 'આપણાં 'પૂર્વજો'ની જેમ માણસ 'એજેડડા' (ઘરડા) થાય પણ ગુલાંટ ન ભૂલે. તારા કાકાય 'એજેડડા' થયા છતાં એનામાં જરાય 'સિરિયસતા' ન આવી, વારેવારે 'ઈડિયટતા'નું એક્ઝિબિશન કરતા જ રહે છે.' આ સાંભળી કાકા તાડુક્યા, 'જોયું? તારી કાકાની જીભની 'બીટરતા' (કડવાશ) સામે કડવું કરિયાતુંય મીઠું લાગે.'

કાકા કાકીની આ ડાયલોગબાજી સાંભળીને મારા ભેજામાં ઝબકારો થયો કે અંગ્રેજીનું આંધળું અનુકરણ કરનારા અંગ્રેજીમાં ફફડાવતા હોય છે, પણ અમુક ગુજરાતી વિરલા એવા હોય છે, જે અંગ્રેજી શબ્દોને ગુજરાતીનો ઢોળ ચડાવી ટેસથી વાપરતા હોય છે. એમાંથી જ 'ફિટતા', 'સિરિયસતા' અને 'ઈડિયટતા' જવા શબ્દોની ભેળનો સ્વાદ માણવા મળે છેને?

કાકીએ કાકાને કહ્યું ,'સવારના પહોરમાં આવી 'ટોકું' કરીને શા માટે માથું ફેરવો છો? તમને સરખી રીતે 'ટોકતા' (વાતો કરતા) આવડે છે કે નહીં?' પથુકાકા તાડુક્યા, ' હે ભગવાન, તને ટોકતા ટોકતા મારું આખું જીવન ગયું છતાં સતત કાનમાં વાગતી તારી ટોકરી બંધ ન થઈ.' કાકી કહે, ''ટોકતા' એટલે સરખી વાત કરતા તમને ન આવડ્યું એમ કહું છું. વોશિંગ મશીનમાં તમારું ભેજું નાખો એટલે 'બ્રેઈન વોશિંગ' થઈ જાય...'

મારા અને કાકાના નસીબ વાંકા એટલે અમને પાકિસ્તાન જેવા વસમા પાડોશી ભટકાયા. બે ફલેટ ભેગા કરીને એમાં જોઈન્ટ ફેમિલીના ચાર ભાઈઓનો પરિવાર રહે, પણ નાની નાની વાતમાં ઝઘડા અને છમકલાં થયા જ કરે. એમાં પણ પ્રોપર્ટીનો બારમાસી ઝઘડો ચાલુ જ હોય. આજે પણ સવારમાં પ્રોપર્ટીની વહેંચણીના મુદ્દે ધડામધૂડમ શરૂ થઈ ગઈ. ધમાલ સાંભળી (હો)બાળાકાકી બોલ્યાં,'આટઆટલો પૈસો છે છતાં સવારમાં કોઈ શાંતિથી 'પ્રોપર-ટી' (ચા) પણ નથી પી શકતા, આવી પ્રોપર્ટીને શું ધોઈને પીવી છે?'

ટીવીમાં સાંધાના દુ:ખાવા માટે અક્સીર તેલની જાહેરાત આવતી હતી. કાકાએ કહ્યું, 'જોઈન્ટ ફેમિલીમાં કાયમ જોઈન્ટ પેઈન સહન કરવું જ પડેને?'મેં પૂછ્યું,'કાકા, ભાઈઓમાં અંદરોઅંદર વેર હોય એને ગુજરેજીમાં શું કહેવાય?' કાકાએ તડાક કરતો જવાબ આપ્યો,'એને કહેવાય, અંડર-વેર. બહારનાને ન દેખાય એવાં અંડર-વેરને લીધે જ કંઈક પરિવારની આબરું લૂંટાણી છે, ખબર છેને?' મેં ફરી સવાલ કર્યો,'ભાઈની વચ્ચે જ નહીં પણ જુદી જુદી પાર્ટીના વીઆઈપી નેતાઓની વચ્ચે પણ અંદરોઅંદર વેર હોય છેને? એને શું કહેવાય?'

કાકા કંઈ ન બોલ્યા પણ (હો)બાળાકાકી બોલી ઉઠયાં,'હાય હાય... અંડર-વેર બહાર બોલીએ તો કેવું ખરાબ લાગે? એટલે જ હું જે ઘરમાં અંદરોઅંદર વેર હોય એને શું કહું ખબર છે? વેર-હાઉસ.'

કાકાનો દેશી બ્રેકફાસ્ટનો ટાઈમ થતાં કાકીને કહે , 'હવે મને ચા સાથે ગઈકાલની ટાઢી રોટલી તો આપ! જોજે, રોટલી બુક કરીને આપજે.' મેં પૂછયું કે 'તમારા ઘરમાં રોટલી પણ બુક કરવી પડે છે રેલવે ટિકિટની જેમ?' કાકા હસીને બોલ્યા, 'અરે ના ભાઈ ના, બુક એટલે ચોપડી બરાબર? બુક કરીને એટલે રોટલી ઘી ચોપડીને આપજે એમ કહ્યું.'

કાકી બોલ્યાં, 'અમારે ત્યાં ગયા અઠવાડિયે લંડનમાં 'શટલ' થયેલાં ગુજરાતણ બેસવા આવેલાં. જમવા બેઠાં એટલે મેં એમને પૂછયું કે બહેનબા, ફુલકા આપુંને? ત્યારે બહેનબા બોલ્યાં, 'ફુલકા' નહીં 'હાફકા' (અડધી રોટલી) આપજો, હમણાં મારું ડાય-ઈટિંગ (મરતા મરતા ખાવાનું) ચાલે છે. બોલો!'

# ડાકોરમાં પોલીસકર્મીની દીકરીએ કરેલો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)
ડાકોર, તા.૨૧

ગુજરાતમાં પ્રેમ સંબંધમાં લોકો તમામ હદો વટાવી દેતા હોય છે. તેવામાં ડાકોર વિસ્તારમાં પોલીસ કર્મીની યુવાન પુત્રીએ સુસાઈડ કર્યું છે. જોકે આની પાછળ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ યુવતીનું વિધર્મી યુવક સાથે અફેર હતું. પરંતુ અંગત કારણોસર બંને વચ્ચે મતભેદ થતા તેમને સંબંધનો અંત લાવ્યો હતો. એટલું જ નહીં પોલીસે આ પગલે વધુ તપાસ હાથ ધરી દીધી છે. વિગતો પ્રમાણે યુવતીને વિધર્મી યુવક દ્વારા સતત ત્રાસ આપવામાં આવતો હતો. કોલ રેકોર્ડિંગ્સ સામે આવતા ચકચાર મચી ગઈ. ડાકોરમાં પોલીસકર્મીની દીકરીએ જીવન ટૂંકાવી દીધું છે. આ અંગે પોલીસે વધુ વિગતો મેળવી તપાસ શરૂ કરી દીધી છે. તેવામાં સામે આવ્યું છે કે ખેડામાં વિધર્મી યુવકે તેને સૌથી પહેલા પ્રેમજાળમાં ફસાવી હતી. બંને વચ્ચે સારા સંબંધો પણ હતા. તેવામાં યુવતીએ સમય જતા બંને વચ્ચેના સંબંધોનો અંત લાવવા માટે જણાવ્યું હતું. ત્યારપછી મામલો બિચક્યો હતો અને જોવાજેવી થઈ હતી. પોલીસલાઈનના મકાનોમાં જ અધિકારીની દીકરીએ આત્મહત્યા કરી દીધી હતી.

આ દરમિયાન તેના માતા-પિતા ઘરે હાજર નહતા. જેથી કરીને તેણે આ પગલું ભર્યું હતું. બીજી બાજુ પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. ત્યારે આની પાછળ શું કારણ છે એની વિગતે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. નોંધનીય છે કે વિધર્મી યુવક સાથેના પ્રેમસંબંધનો કિસ્સો સામે આવતા આ કેસમાં હજુ વળાંક આવે તેની સંભાવના સેવાઈ રહી છે. યુવતીના ફોનમાંથી તપાસ દરમિયાન અનેક કોલ રેકોર્ડિંગ્સ સામે આવ્યા છે. પોલીસે આને લઈને પણ વધારે તપાસ શરૂ કરી દીધી છે. ઉલ્લેખનીય છે કે બીજી બાજુ એવી માહિતી પણ મળી રહી છે કે વિધર્મી યુવક પાસે પણ ઘણા રેકોર્ડિંગ્સ હતા. જેને આધારે તે યુવતીને સતત ત્રાસ આપતો હોવાની વિગતો પણ સામે આવી છે. વળી બીજી બાજુ યુવતીએ પ્રેમ સંબંધ તોડી નાખતા મામલો બિચક્યો હતો. આ ઘટનાક્રમ પર પોલીસ વધુ તપાસ શરૂ કરી દીધી છે.

# ચોરે ચોરી કર્યા બાદ એક ચીઠ્ઠીમાં નામ અને મોબાઈલ નંબર લખીને મુક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઝાલોદ, તા.૨૧

ઝાલોદ શહેરમાં ચોરીનો ગજબનો બનાવ બન્યો છે. એક ચોરે પોલીસને ખુલ્લેઆમ પડકાર ફેંક્યો છે. ચોરે ચોરી કર્યા બાદ પોલીસ માટે ચીઠ્ઠી મૂકી હતી. ચોરે ચીટ્ઠી મૂકીને પોલીસને ખુલ્લો પડકાર આપ્યો છે. ચોરે નામ અને નંબર સાથેની ચીઠ્ઠી લખીને છોડી હતી. જે જોઈને પોલીસ પણ હચમચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ઝાલોદમાં એક ચોરીનો બનાવ બન્યો હતો. ઝાલોદાન રાજ મોટર્સ નામના શો રૂમમાં કેટલાક તસ્કરો ત્રાટક્યા હતા. શો રૂમમાંથી રોકડ રૂપિયા, ટેબલેટ સહીત કેટલાક સામાન ચોરી કરીને તેઓ ભાગ્યા હતા. તેમજ શો રૂમમાં લગાવેલા સીસીટીવીના ડીવીઆર પણ લઈને લૂંટારુઓ ભાગી ગયા હતા. જેથી પોલીસને કોઈ પુરાવા ન મળે. પરંતુ તસ્કરોએ ચોરી કરી ફરાર થતાં પહેલા શોરૂમના દરવાજે પોલીસને પડકાર ફેંકતી એક ચિઠ્ઠી ચોંટાડી હતી.

# આર્યન ખાન માટે ૧૮ કરોડની ડીલ, ૫૦ લાખનું ટોકન

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૨૧

ક્રૂઝ ડ્રગ્સ કેસમાં શાહરુખ ખાનના દીકરા આર્યન ખાનનું નામ આવ્યા બાદ તેની ધરપકડ થતાં ખૂબ જ ચર્ચા થઈ હતી. હવે બે વર્ષ બાદ આ કેસ ફરીથી ખબરોમાં છવાયો છે. એનસીબીના (નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો) પૂર્વ ઝોનલ હેડ સમીર વાનખેડે પોતે જ સમગ્ર મામલે સવાલથી ઘેરાયા છે. વર્તમાનમાં આઈઆરએસ અધિકારી સમીર વાનખેડે પર સીબીઆઈએ ભ્રષ્ટાચારના આરોપ લગાવ્યા છે. જેમાં 'કિંગ ખાન'ની મેનેજર પૂજા દદલાનીનું જૂનું નિવેદન વાનખેડે માટે સૌથી મોટી મુસીબત બની રહ્યું છે. પૂજાનું આ નિવેદન એનસીબીના વિજિલન્સ રિપોર્ટનો ભાગ હતી. તેના જ આધાર પર સીબીઆઈએ વાનખેડે અને અન્ય ચાર સામે ૨૦૨૧ના કોર્ડેલિયા ક્રૂઝ ડ્રગ્સ કેસમાં ભ્રષ્ટાચારનો કેસ દાખલ કર્યો છે. પૂજા દદલાનીએ પોતાના નિવેદનમાં કથિત રીતે બળજબરીથી વસૂલાતની વાત કહી હતી. તેણે તેમ પણ કહ્યું હતું કે, તેણે આ કેસમાં ૫૦ લાખ રૂપિયાથી ભરેલી એક બેગ ટોકન મની તરીકે આપી હતી. આ બધું કોર્ડેલિયા ક્રૂઝ પર દરોડાના થોડા કલાક બાદ થયું હતું. એનસીબીની તપાસ પ્રમાણે, કેસમાં આર્યન ખાનનું નામ આવવા પર અધિકારીની પ્રારંભિક ખંડણીની માગ ૨૫ કરોડ રૂપિયા હતી પરંતુ બાદમાં ૧૮ કરોડમાં ડીલ નક્કી થઈ હતી. આ માટે ટોકન મની તરીકે ૫૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. આ પહેલા ૩ ઓક્ટોબર ૨૦૨૧માં આ કેસમાં મુખ્ય કડી પૂજા દદલાનીએ નિવેદન નોંધવા માટે મુંબઈ પોલીસે મોકલેલા ઓછામાં ઓછા ત્રણ સમનને અવગણ્યું હતું. ત્યારે સમીર વાનખેડે સામે પોલીસ તપાસને બંધ કરવી પડી હતી. રિપોર્ટ પ્રમાણે, તપાસમાં સામેલ એક મુખ્ય અધિકારીને કહ્યું હતું કે 'વિજિલન્સ ટીમે ગયા વર્ષના પહેલા છ મહિનામાં પૂજા દદલાનીનો સંપર્ક કર્યો હતો, જે બાદ ખંડણીના આરોપોના સંબંધમાં તેનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. આ સિવાય અમે સાક્ષી કેપી ગોલાવી, સનવિલે ડિસૂઝા અને પ્રભાકર સેલનું પણ નિવેદન નોંધ્યું હતું'. પૂજા દદલાનીએ પોતાના નિવેદનમાં શું કહ્યું હતું તેમ પૂછતાં તેમણે જણાવવાનો ઈનકાર કર્યો હતો. જો કે, તેમણે તેમ જરૂરથી કહ્યું હતું કે, તમામ નિવેદનનો આધાર પર તેવું તારણ કાઢવામાં આવ્યું હતું કે શાહરુખ પાસેથી પૈસા પડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને બાદમાં સીબીઆઈને આ મામલે તપાસ કરવા કહ્યું હતું.

# નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન રાષ્ટ્રપતિએ કરવું જોઈએ : રાહુલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૨

નવા સંસદ ભવનનાં ઉદ્‌ઘાટનને લઈને હોબાળો શરૂ થયો છે. આ વિવાદની વચ્ચે હવે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મોટી વાત કરતા કહ્યું છે કે, રાષ્ટ્રપતિએ સંસદ ભવનની નવી ઈમારતનું ઉદ્‌ઘાટન કરવું જોઈએ, વડાપ્રધાને નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮ મેના રોજ નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન કરશે. કોંગ્રેસે સંસદના નવા મકાનને વડાપ્રધાનનો વેનિટી પ્રોજેક્ટ ગણાવ્યો છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ વડાપ્રધાન મોદીને મળ્યા અને તેમને નવા બિલ્ડિંગના ઉદ્‌ઘાટન માટે આમંત્રણ આપ્યું.

PM દ્વારા નવા બિલ્ડિંગના ઉદ્‌ઘાટન પર વિપક્ષી નેતાઓ સવાલ ઉઠાવી રહ્યા છે. શા માટે PMને ઉદ્‌ઘાટન માટે આમંત્રણ આપવામાં આવ્યું ? પીએમ સરકારના વડા છે, સંસદના નહીં. આ ઈમારત જનતાના પૈસાથી બનાવવામાં આવી છે, પીએમ એવું વર્તન કરી રહ્યા છે કે જાણે તેમના 'મિત્ર'ના પૈસાથી નવી સસંદ બનેલ હોય. AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ પૂછ્યું કે, વડાપ્રધાન નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન કેમ કરે ? લોકસભા અધ્યક્ષ અથવા રાજ્યસભાના અધ્યક્ષે તેનું ઉદ્‌ઘાટન કરવું જોઈએ.

નવી ઈમારતના ઉદ્‌ઘાટનની જાહેરાત બાદ કોંગ્રેસના પ્રવક્તા જયરામ રમેશે પીએમની સેફટી કેપ સાથેની તસવીર શેર કરી હતી. ટ્વીટમાં તેમણે કહ્યું કે માત્ર આર્કિટેક્ટ, ડિઝાઈનર્સ અને મજૂરો જ ૨૮ મેના રોજ નવી ઈમારતનું ઉદ્‌ઘાટન કરશે. તસવીર પરથી સ્પષ્ટ થાય છે કે આ તેમનો અંગત પ્રોજેક્ટ છે.

જો કે, સંસદમાંથી અયોગ્ય ઠરેલ સાંસદ અને કોગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી કહી રહ્યા છે કે તેનું ઉદ્‌ઘાટન રાષ્ટ્રપતિ દ્વારા થવું

# દેશી અવતાર બાદ સારા અલી ખાને પહેર્યો ચમકદાર ડ્રેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૨૨

એક્ટ્રેસ સારા અલી ખાન કાન્સ ૨૦૨૩માં ખૂબ ફેશનનો જલવો બતાવી રહી છે. સારાએ પહેલા દિવસે રેડ કાર્પેટ પર લહેંગા પહેરીને દરેક લોકોને ઈમ્પ્રેસ કરી દીધા હતાં. હવે એક્ટ્રેસે કાન્સ ફેસ્ટિવલનો લુક સામે આવ્યો છે, જેમાં એક્ટ્રેસ ખૂબ જ શાનદાર શિમરી સિલ્વર ટ્રાન્સપરન્ટ ડ્રેસ પહેરીને સમુદ્ર કિનારે સ્ટાઈલ બતાવતી જોવા મળી રહી છે. સારા અલી ખાનનો કાન્સ ન્યૂ લુક ખૂબ જ સુંદર છે. સારાનો ડ્રેસ એક લોન્ગ ગાઉન છે જે ઘણાં બધા થ્રેડ વર્કથી તૈયાર થયાં છે. સાથે જ એક્ટ્રેસના ડ્રેસને ઝાલરનુમા સ્ટાઈલ આપવામાં આવી છે. સારા અલી ખાનનાં ગ્લેમરસ ડ્રેસની સાથે તામ-ઝામ વિના બોલ્ડ શિમરી આઈમેકઅપ કરેલો જોવા મળે છે. વળી, એક્ટ્રેસે પોતાના વાળને રફ બનમાં બાંધેલો છે. સારા અલી ખાને કાન્સ ૨૦૨૩ની પોતાની નવી તસવીરો ખુદ ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. જણાવી દઈએ કે, સારા અલી ખાને કાન્સ ફેસ્ટિવલમાં પોતાના અલગ-અલગ લુકનાં ખૂબ જ વખાણ કરવામાં આવ્યા હતાં. પહેલાં દિવસે લહેંગા, બીજા દિવસે સાડી અને ત્રીજા દિવસે એક્ટ્રેસે બોલ્ડ શિમરી ડ્રેસમાં જોવા મળી છે. સારા અલી ખાનનાં વર્કફ્રન્ટની વાત કરીએ તો એક્ટ્રેસ છેલ્લીવાર ફિલ્મ ગેસલાઈટમાં જોવા મળી હતી. હવે એક્ટ્રેસની .

# ૨૦૦૦ની નોટ બદલવા માટે કોઈ આઈડી બતાવવાની જરૂર રહેશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૨

ભારતીય રિઝર્વ બેંકે ૨૦૦૦ રૂપિયાની નોટને ચલણમાંથી પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈના નિર્ણય બાદ તમારે ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવા અથવા જમા કરાવવા બેંકમાં જવું પડશે. નોટ બદલવા માટે આરબીઆઈએ બેંકોને રોકડ જમા નિયમોનું પાલન કરવાનું કહ્યું છે. મંગળવાર ૨૩ મેથી બેંકો ૨૦૦૦ રૂપિયાની નોટો બદલવા અને જમા કરવાનું શરૂ કરશે. આ માટે બેંકોએ તૈયારીઓ કરી લીધી છે. એવું માનવામાં આવી રહ્યું છે કે ૨૦૧૬ની જેમ આ વખતે પણ બેંકોની બહાર નોટો બદલવા અથવા જમા કરવા માટે ભીડ એકઠી થશે નહીં. આરબીઆઈની માર્ગદર્શિકાને અનુસરીને બેંકો દ્વારા નોટો બદલવા સંબંધિત પરિપત્ર જારી કરવામાં આવી રહ્યો છે.

આરબીઆઈએ બેંકોને રૂ. ૨૦૦૦ની નોટ બદલવા માટે રોકડ જમા કરવાના નિયમનું પાલન કરવા જણાવ્યું છે. અત્યાર સુધી મળતી માહિતી મુજબ આરબીઆઈ દ્વારા આવું કોઈ ફોર્મ જારી કરવામાં આવ્યું નથી, જેને ભર્યા બાદ જ ૨૦૦૦ની નોટ બદલાશે. બેંકોને આરબીઆઈ તરફથી આવી કોઈ સૂચના મળી નથી, જેમાં લોકોએ નોટ બદલતા પહેલા કોઈપણ ફોર્મ અથવા કોઈપણ સ્લિપ ભરવાની અથવા તેમનું કોઈપણ ઓળખ કાર્ડ આપવું પડશે. એસબીઆઈએ સોશિયલ મીડિયા પર ચાલી રહેલા સમાચારો અંગે સ્પષ્ટતા કરી છે અને કહ્યું છે કે લોકોએ ૨૦૦૦ની ૧૦ એટલે કે, ૨૦૦૦૦ રૂપિયા સુધીની નોટો બદલવા માટે કોઈ ફોર્મ ભરવાનું રહેશે નહીં.

આરબીઆઈએ આ અંગે કોઈ સૂચના જારી કરી નથી. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર ૨૦૦૦ની નોટ બદલવા માટે લોકોએ કોઈ ઓળખ પત્ર આપવાની જરૂર રહેશે નહીં. જો કે, આવા ફોર્મ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યા છે, જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે લોકોએ ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવા માટે આઈડી બતાવવી પડશે. બેંકોનું કહેવું છે કે ઘણા ઓછા લોકો છે જેમની પાસે બે હજાર રૂપિયાની નોટ છે. એટલા માટે તેમને આશા છે કે તેઓ સરળતાથી નોટો બદલી શકશે અને જમા કરાવી શકશે. SBIએ સર્ક્યુલર જારી કરીને કહ્યું છે કે તમારે ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવા માટે કોઈ આઈડી બતાવવાની જરૂર રહેશે નહીં. તમે બેંકમાં જઈને સરળતાથી નોટો જમા કરાવી શકશો.

નોટો બદલવા માટે તમે તમારી નજીકની બેંક શાખામાં પહોંચો. તમે




ત્યાં જઈને સરળતાથી નોટ બદલી શકો છો. જો તમારું એ જ બેંકમાં ખાતું છે, તો તમે તમારા ખાતામાં પૈસા જમા કરાવી શકો છો.

૨૦ હજાર સુધી કોઈ સ્લિપ કે ફોર્મ ભરવાનું રહેશે નહીં. કોઈ આઈડી બતાવવાનું નથી. KYC ધોરણોને અનુસરીને નોટો સરળતાથી બદલી શકાશે. RBIએ એક દિવસમાં ૨૦૦૦ રૂપિયાની ૧૦ નોટ બદલવાની મંજૂરી આપી છે. જો કે, બેંક ખાતામાં જમા કરાવવાની કોઈ મર્યાદા નથી. તમારી પાસે ૨૩ મેથી ૩૦ સપ્ટેમ્બર સુધીનો સમય છે.

એક દિવસમાં ૨૦૦૦૦ રૂપિયા બદલી શકાય છે. બેંક ખાતામાં જમા કરાવવાની કોઈ મર્યાદા નથી, પરંતુ બેંકિંગ નિયમોનું પાલન કરવું પડશે. તમે ૨૩ મેથી ૩૦ સપ્ટેમ્બર સુધી નોટો બદલી શકો છો. આ પછી પણ જો તમે નોટ બદલવામાં અસમર્થ છો એટલે કે ૩૦ સપ્ટેમ્બરની ડેડલાઈન ચૂકી જશો તો તમારે RBI ઓફિસમાં જઈને નોટ બદલવી પડશે.

# અસિત મોદીએ મને માખીની જેમ નીકાળીને ફેંકી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૨૨

પ્રિયા આહુજાએ જણાવ્યું કે તે અસિત મોદીને કામ માટે વારંવાર ફોન કરતી હતી. જો હું આ શોનો ભાગ ન હોઉં તો પણ મને જણાવો. પરંતુ તે ખોટું છે કે માલવે શો છોડી દીધો છે તેથી હવે તમે મને બોલાવવા માગતા નથી. હવે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ રીટા રિપોર્ટર એટલે કે એક્ટ્રેસ પ્રિયા આહુજા રાજડાએ કહ્યું કે, હા, 'તારક મહેતા'માં કામ કરતી વખતે કલાકારોને માનસિક ત્રાસમાંથી પસાર થવું પડે છે. હું ત્યાં કામ કરતી વખતે માનસિકરીતે મુશ્કેલીઓમાંથી પસાર થઈ છું. પરંતુ, તેની મારા પર બહુ અસર ના થઈ... કારણ કે મારા પતિ માલવ, જેઓ ૧૪ વર્ષથી આ શોના ડિરેક્ટર હતા, ત્યાં કમાણી કરતા હતા. ત્યાં કામ કરવાનો એક ફાયદો એ હતો કે મારી પાસે કોન્ટ્રાક્ટ ના હોવાથી મને ક્યારેય બહાર કામ કરતા અટકાવવામાં આવી નહોતી. અસિત કુમાર મોદી ભાઈ, સોહિલ રામાણી કે જતિન બજાજ મારા ભાઈઓ જેવા છે, તેમણે ક્યારેય મારી સાથે ગેરવર્તન કર્યું નથી. પ્રિયાએ વધુમાં કહ્યું કે, 'પણ જ્યાં સુધી કામની વાત છે તો મારી સાથે અનુચિત વ્યવહાર કરવામાં આવ્યો છે. માલવ સાથેના મારા લગ્ન પછી તેમણે મારો ટ્રેક ઓછો કર્યો. પ્રેગ્નન્સી બાદ અને માલવે શો છોડ્યા પછી શોમાં મારા ટ્રેક વિશે મને કોઈ ખ્યાલ નથી. મેં આસિતભાઈને ઘણી વાર મેસેજ કર્યો અને તેમને શોમાં મારા ટ્રેક વિશે પૂછ્યું પણ કોઈ જવાબ મળ્યો નહીં.

ક્યારેક તે કહેતા કે તારે કામ કરવાની શું જરૂર છે, માલવ તો કામ કરે છે ને? માલવ સાથે લગ્ન કરતા પહેલા હું આ શોનો ભાગ હતી. મને ક્યારેય યોગ્ય પ્રતિસાદ મળ્યો નથી. પ્રિયા આહુજાએ જણાવ્યું કે તે અસિત મોદીને કામ માટે વારંવાર ફોન કરતી હતી. શોમાં તેના ટ્રેક વિશે જાણવા માટે ફોન કર્યો.

અસિત મોદીની ટીમનો સંપર્ક પણ કર્યો, પરંતુ કોઈ ચોક્કસ જવાબ મળ્યો નહીં. તેણે કહ્યું, 'મને ખરાબ લાગે છે કે જ્યારથી માલવે શો છોડ્યો છે ત્યારથી તેમણે મારા મેસેજનો ફોન કે જવાબ આપ્યો નથી. તેણે શો છોડ્યાને છ મહિના થઈ ગયા છે અને તેમણે મને શૂટ માટે બોલાવી નથી.

મને લાગે છે કે એક કલાકાર તરીકે તે ખોટું છે. મેં અસિત ભાઈને મેસેજ પણ કર્યો કે શું હું હજુ પણ શોનો ભાગ છું? પરંતુ મને કોઈ જવાબ મળ્યો ન હતો. જો હું આ શોનો ભાગ ન હોઉં તો પણ મને જણાવો. પરંતુ તે ખોટું છે કે માલવે શો છોડી દીધો છે તેથી હવે તમે મને બોલાવવા માગતા નથી. પ્રિયા આહુજાએ કહ્યું કે મોનિકા ભદોરિયા અને અન્ય જેઓ અસિત મોદી વિરુદ્ધ બોલી રહ્યા છે તેઓ ખોટા નથી. કારણ કે અસિત મોદી અને તેમના લોકોએ મેસેજનો જવાબ પણ આપ્યો ન હતો. પ્રિયાએ કહ્યું, 'મને ૯ મહિના સુધી શોમાં આમંત્રણ નહોતું આપ્યું .

# નોકરાણી બે દિવસમાં ૭.૨૪ લાખ લઈને રફુચક્કર થઈ ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
રાજકોટ, તા.૨૨

બોલિવુડની ફિલ્મ હેપ્પી ભાગ જાયેગી તમે જોઈ જ હશે. જેમાં દુલ્હનને લુટેરી બતાવવામાં આવી છે. તેવી જ રીતે રાજકોટની એક યુવતીએ જસ્ટ ડાયલ નામની વેબસાઈટ પરથી ઓનલાઇન કામવાળી શોધી હતી. પરંતુ આ યુવતીને ખબર ન હતી કે હેપ્પી ભાગ જાયેગી મુવીમાં જે રીતે લુટેરી દુલ્હન છે, તેવી જ રીતે આ કામવાળી પણ લુટેરી કામવાળી છે. બે દિવસમાં જ આ કામવાળી રાજકોટથી ૭.૨૪ લાખની ચોરી કરી રફુચક્કર થઈ ગઈ હતી. ત્યારે આ લુટેરી કામવાળીને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે દિલ્હીથી બકાલીના સ્વાંગમાં ઝડપી પાડી હતી. આ ભેજાબાજ કામવાળીએ ચોરી કરેલી રકમ સીલીંગ ફેનના રેગ્યુલેટરમાં છુપાવી હતી, જે પોલીસે કબજે કરી હતી અને પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું હતું કે આ લૂટેરી કામવાળીએ રાજકોટ સહિત અનેક રાજ્યમાં હાથફેરો કરી ચૂકી છે. ત્યારે ઓનલાઇન કામવાળી શોધતા લોકો માટે આ એક લાલબત્તી સમાન કિસ્સો છે.

આ વિશે ક્રાઈમ બ્રાન્ચના એસીપી ભરત બસિયાએ જણાવ્યું કે, રાજકોટમાં નિર્મલા રોડ પર પ્રાચીબેન કોટેચાના ફલેટમાં કામે રહ્યા બાદ એક જ દિવસમાં તેનો વિશ્વાસ કેળવી નોકરીમાં રહ્યાના બીજા જ દિવસે સોના-ચાંદીના ઘરેણા સહિત ૭.૨૪ લાખ જેવો મુદ્દામાલ ચોરી રફુચક્કર થઈ ગઈ હતી. દેશના જુદા જુદા રાજયોમાં ઘરકામ બહાને રહીને ચોરીઓ કરતી કામવાળી અનુદેવી ઉર્ફે ફુલવતી ઉર્ફે સોની શકિતકુમાર મિશ્રાને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે દિલ્હીમાં લાંબુ રોકાણ કરી, શાક-બકાલાવાળા ફેરિયાનો વેશ ધારણ કરી ઝડપી પાડી હતી.

શહેરના ગાંધીગ્રામ પોલીસ મથકે ૧૫ એપ્રિલ ૨૩ના રોજ પ્રાચીબેન કોટેચાએ જાણ કરી હતી કે તેઓ નિર્મલા રોડ પર ધારેશ્રૃવર ડેરીની પાછળ, સિલ્વર આર્ક એપાર્ટમેન્ટમાં બીજા માળે રહે છે. તેણે જસ્ટ ડાયલમાંથી મેઈડ પ્લેસમેન્ટ એજન્સીના નંબર મેળવીને એક કામવાળીને પોતાના ઘરે કામે રાખી હતી. જે પછી આ કામવાળી તેના ઘરમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ બે મોબાઈલ ફોન અને રોકડ રકમ ચોરી કરી ફરાર થઇ ગઇ હતી. જેથી આ ભેજાબાજ અને લુટેરી કામવાળીને ઝડપી પાડવા માટે ક્રાઈમ બ્રાન્ચે અલગ અલગ ટીમ બનાવી હતી, જેમાં બાતમીના આધારે મહિલા આરોપી દિલ્હીથી આવી હોવાનું જાણવા મળતા સીસીટીવી અને હ્યુમન રીર્સોસથી બાતમી મેળવી એક ટીમને દિલ્હી ખાતે મોકલી હતી.

મહિલા આરોપી દિલ્હી આવી હોવાની બાતમી મળી હતી. પરંતુ આ આરોપી સતત પોતાના રહેઠાણની જગ્યા બદલતી હોય અને મોબાઈલ નંબર તેમજ કોઈપણ ટેકનિકલ પુરાવા છોડતી ન હોઈ દિલ્હીમાં તેને શોધવા માટે અને પુરાવા એકત્ર કરવા માટે ટીમે ભારે જહેમત ઉઠાવી પડી હતી. દરમ્યાન ચોકકસ હકીકત મળતા શાક બકાલીઓનો વેશ ધારણ કરી રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ફિલ્મી ઢબે આ મહિલાને દિલ્હીમાંથી ઝડપી પાડી હતી. ભેજાબાજ કામવાળીને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે દિલ્હીથી ઝડપી પાડી ત્યારે તેની આગવી ઢબે પૂછપરછ હાથ ધરતા તેને કબુલાત આપી હતી કે ચારથી પાંચ માસ પહેલા કર્ણાટકના બેંગ્લોરમાં કામવાળી તરીકે રહી હતી અને ત્યાંથી મોબાઈલ ફોન અને ૮૭,૦૦૦ ની ચોરી કરી હતી. ઉપરાંત હરિદ્વારમાં બે ત્રણ માસ પહેલા ઘરકામના બહાને રહી ચોરી કરી ત્યાંથી રફુચક્કર થઈ ગઈ હતી અને ત્યારબાદ યુપીના મોરાદાબાદમાં પણ ચોરી કરી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

ભેજાબાજ કામવાળી ચોરીની ઘટનાને અંજામ આપી તે પોતાનું સતત રહેણાંક બદલતી રહેતી હતી અને કોઈ પણ પ્રકારના પુરાવાઓ છોડતી ન હતી. ચોરી કરેલો તમામ મુદ્દામાલ સીલીંગ ફેનના રેગ્યુલેટરમાં રાખતી હતી. તેમજ તેના બે સાગરિતની શોધખોળ પોલીસે હાથ ધરી છે અને પોલીસને હજુ વધુ ગુનાના ભેદ ઉકેલાય તેવી આશંકા છે. જેના આધારે મહિલાના રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજૂ કરવામાં આવશે.










Printer / Publisher / Owner & Editor : NIKITA R. SAXENA • Printed At :- PAVANPUTRA OFFSET., G.I.D.C., SECTOR-28, GANDHINAGAR, GUJARAT - 382028
Published - 45, KONARK SOCIETY, NEAR, SUNDARAM COMPLEX, EX. JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD - 380019.